Total No. of Printed Pages : 4 **Seat No. :** | | | | | | | |

# 165(G)

**(MARCH, 2022)**

**Time : 3 Hours]** **[Maximum Marks : 100**

---

**સૂચનાઓ :**

1. **આ પ્રશ્નપત્રમાં કુલ 59 પ્રશ્નો છે.**
2. **પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબો લખવા.**

---

## વિભાગ – A

- **નીચે આપેલા 1 થી 15 સુધીના વિકલ્પવાળા હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે :** **[15]**

1. જમીનમાં ઓરવા માટે વપરાતા વનસ્પતિના ભાગને શું કહે છે ?
   (A) બીજ (B) મૂળ
   (C) પ્રકાંડ (D) એકપણ નહીં

2. મોરથૂંથૂં, ચૂનો અને પાણી મેળવી બનાવાતી રબડીને શું કહે છે ?
   (A) ડી.ડી.ટી. (B) બોર્ડોપેસ્ટ
   (C) પ્રલોભિકા (D) એકપણ નહીં

3. વનસ્પતિમાંથી બનતી દવા કઈ છે ?
   (A) રોગર (B) નુવાન
   (C) નિકોટીન સલ્ફેટ (D) ડીમેક્રોન

4. બેન્ઝીન હેક્ઝા ક્લોરાઈડ કઈ દવાનું આખું નામ છે ?
   (A) બી.એચ.સી. (B) ડી.ડી.ટી.
   (C) કાર્બારિલ (D) બોર્ડોમિશ્રણ

5. એલ્યુમિનિયમ ફોસ્ફાઈડ કયા સ્વરૂપે મળે છે ?
   (A) ભૂકી (B) ટીકડી
   (C) પ્રવાહ (D) દાણાદાર

6. 20 ટકા નાઈટ્રોજન કયા ખાતરમાં આવેલું છે ?
   (A) યુરિયા (B) ડી.એ.પી.
   (C) એમોનિયમ સલ્ફેટ (D) સુફલા

7. શણના પાકની વાવણી ખાસ શા માટે થાય છે ?

(A) લીલા પડવાશ (B) અનાજ

(C) કઠોળ (D) તેલિબિયાં

8. ફક્ત વરસાદ આધારિત ખેતીને શું કહે છે ?

(A) પિયત ખેતી (B) વિસ્તૃત ખેતી

(C) સૂકી ખેતી (D) ઘનિષ્ઠ ખેતી

9. પ્રયોગશાળામાં નાપાસ થયેલ બીજને શું કહે છે ?

(A) પ્રમાણિત (B) સંવર્ધક

(C) ટૂથફુલ (D) એકપણ નહીં

10. સૂકી ખેતીમાં થતું નીંદણ છે :

(A) ચીટો (B) તમાકુ

(C) બાજરી (D) કીલ

11. અનાજ વર્ગનો પાક છે :

(A) શણ (B) જુવાર

(C) દિવેલા (D) કપાસ

12. કઈ દવા ખાવાથી ઉંદરને આંતકિત રક્તસ્ત્રાવ થાય છે ?

(A) સેલ્ફોસ (B) ઝિંક ફોસ્ફાઈડ

(C) વારફારીન (D) એકપણ નહીં

13. બીજ-માવજત આપતા બીજમાં શોષાઈ જાય તેવી દવાને શું કહે છે ?

(A) સ્પર્શક ઝેર (B) શોષક ફુગનાશક

(C) પેટના ઝેર (D) વાયુરૂપી ઝેર

14. પેટમાં ગયા પછી ઝેરી અસર કરે તેવી દવાઓને શું કહે છે ?

(A) સ્પર્શક વિષ (B) જઠર વિષ

(C) ધૂમકર વિષ (D) એકપણ નહીં

15. પાક જોડે ઊગી નીકળતી બિનજરૂરી વનસ્પતિને શું કહે છે ?

(A) મેઢ (B) વાકુંબા

(C) નીંદણ (D) એકપણ નહીં

## વિભાગ – B

- **નીચેના 16 થી 30 અતિ ટૂંકા પ્રશ્નો છે. એક-બે વાક્યમાં જવાબ લખો. દરેકનો 1 ગુણ છે : [15]**

16. 1935ની સાલથી કયો કપાસનો કાયદો અમલમાં છે ?
17. બે શોષક ઝેર દવાના નામ લખો.
18. બીજ-માવજત માટે વપરાતી બે દવાના નામ લખો.
19. વારફારીન દવા કયા ઉંદરો મારવા વધુ વપરાય છે ?
20. કયા રાસાયણિક ખાતરમાં 46 ટકા નાઈટ્રોજન આવેલ છે ?
21. વહેલા પાકતા પાકો કઈ ખેતીમાં પસંદ કરાય છે ?
22. જુવારની બે સુધારેલ જાતોનાં નામ લખો.
23. સૂકીખેતીમાં કેવી ખેડ કરવી જોઈએ ?
24. કઈ દવા ગાય, ભેંસ જેવા પ્રાણીઓ ઉપર વાપરી શકાય છે ?
25. કઠોળ પાકોનું મુખ્ય સંશોધન કેન્દ્ર ક્યાં આવેલ છે ?
26. બાજરીની વાવણી માટે હેક્ટરે બીજનું પ્રમાણ લખો.
27. ઝિંક ફોસ્ફાઈડ કેવા પ્રકારનું ઝેર છે ?
28. બોર્ડોમિશ્રણની બનાવટમાં કયા કયા પ્રદાર્થો વપરાય છે ?
29. ગામા આઈસોમોર કઈ દવામાં આવેલ છે ?
30. બ્રિડરબીજની શુદ્ધતા કેટલા ટકા હોય છે ?

## વિભાગ – C

- **નીચેના 31 થી 42 ટૂંકા પ્રશ્નો છે. કોઈ પણ દસ પ્રશ્નોના જવાબ ટૂંકમાં માગ્યા મુજબ લખો. દરેકના 2 ગુણ છે : [20]**

31. હાઈબ્રીડ બીજનો ઉપયોગ ખેડૂતો શા માટે વધુ કરે છે ?
32. વધુ પડતી જંતુનાશક દવાઓના ઉપયોગથી કયા કયા જટિલ પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે ?
33. પાક તરીકે મગફળીનું મહત્ત્વ સમજાવો.
34. સેન્દ્રીય પારાયુક્ત દવાઓ વિષે ટૂંકમાં લખો.
35. સૂકીખેતીમાં ઊંડા મૂળવાળા પાકો વાવવા જોઈએ – કારણ લખો.
36. મરેલા ઊંદરો ખાડો કરી દાટી દેવામાં આવે છે – સમજાવો.
37. જૈવિક નિંદામણ નિયંત્રણ ઉપર ટૂંકમાં લખો.

38. સેન્દ્રીય ખાતરના બે ફાયદાઓ લખો.

39. ઉંદર ચતુર પ્રાણી છે – કારણ લખો.

40. ફૂગનાશક એટલે શું ?

41. વાયુરૂપી ઝેર ઉપર બે મુદ્દા લખો.

42. બીજ-માવજતના હેતુઓ લખો.

## વિભાગ – D

● **નીચેના 43 થી 54 લઘુ પ્રશ્નો છે. કોઈ પણ દસ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. દરેકના 3 ગુણ છે :** **[30]**

43. સુધારેલ બીજ પાક-ઉત્પાનનું પ્રથમ પગથિયું છે – સમજાવો.

44. કાર્બનિક ફૂગનાશકોને અન્ય કરતાં ચઢિયાતા શા માટે ગણવામાં આવે છે ?

45. ઝિંક ફોસ્ફાઈડનું ઝેર ચઢતા કરવાની પ્રાથમિક સારવાર લખો.

46. સૂકીખેતીની ચાર સમસ્યાઓ લખો.

47. ડાંગરની કાપણી વહેલી સવારે કરાય છે – કારણ લખો.

48. સૂકીખેતી અને પિયત ખેતી વચ્ચે તફાવત લખો.

49. વારફારીન દવાની ત્રણ વિશેષતાઓ લખો.

50. પાયાનું ખાતર અને પૂર્તિખાતર વચ્ચે તફાવત લખો.

51. પ્રતિ જૈવિક ફૂગનાશકો ઉપર ટૂંકી નોંધ લખો.

52. ડી.ડી.ટી. અને બી.એચ.સી. વચ્ચે તફાવત લખો.

53. એન્ડોસલ્ફાન દવા ઉપર ટૂંકી નોંધ લખો.

54. શંકરબીજ અને ઉત્તમબીજ વચ્ચે તફાવત લખો.

## વિભાગ – E

● **નીચેના 55 થી 59 સુધીના નિબંધ પ્રકારના પ્રશ્નો છે. કોઈ પણ ચાર પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો. દરેકના 5 ગુણ છે :** **[20]**

55. ઉત્તમ બીજના લક્ષણો સવિસ્તાર લખો.

56. ઉપયોગ પ્રમાણે કીટનાશી દવાઓના પ્રકાર લખી સ્પર્શકવિષ ઉપર સવિસ્તાર લખો.

57. એલ્યુમિનિયમ ફોસ્ફાઈડ ઉંદરનાશક દવાના ગુણધર્મો સવિસ્તાર લખો.

58. જુવારના પાકની ખેતીપદ્ધતિ સવિસ્તાર લખો.

59. સૂકી ખેતીમાં નિંદામણ નિયંત્રણની પદ્ધતિઓ લખી અવરોધક ઉપાયો લખો.